# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-10-2023** **Morning : 7.45 to 7.55**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

- દેશમાં ગયા મહિને 67 મિલિયન ટનથી વધુ ઉત્પાદન સાથે એકંદર કોલસાના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો નોંધાયો.
- પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાએ સમગ્ર દેશમાં 50 લાખથી વધુ શેરી વિક્રેતાઓને તેનો લાભ આપીને એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ છત્તીસગઢના બસ્તર ખાતે 26 હજાર કરોડ રૂપિયાથી વધુના તેમજ તેલંગાણામાં નિઝામાબાદથી આઠ હજાર કરોડ રૂપિયાના વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમોનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યા.
- વિશ્વ બેંકે નાણાંકીય વર્ષ 2023-24 માટે ભારતનો સંભવિત આર્થિક વિકાસ દર 6.3 જાળવી રાખવાનો નિર્ણય લીધો છે.
- કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય અનુસાર "એક તારીખ એક ઘંટા એક સાથ" મેગા સ્વચ્છતા અભિયાન દરમિયાન 8.75 કરોડ લોકોએ દેશભરમાં 9 લાખથી વધુ સ્થળોએ શ્રમદાન આપ્યું છે.
- ચીનમાં રમાઈ રહેલી એશિયન ગેમ્સમાં ભારતે અત્યાર સુધી 15 સુવર્ણ, 26 રજત, અને 28 કાંસ્ય ચંદ્રક મળીને કુલ 69 મેડલ જીતી લીધા છે.

.....................................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# COAL-PRODUCTION

દેશમાં ગયા મહિને 67 મિલિયન ટનથી વધુ ઉત્પાદન સાથે એકંદર કોલસાના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. તે અગાઉના વર્ષના સમાન મહિનાના 58 મિલિયન ટન કરતાં વધુના આંકડા સાથે લગભગ 16 ટકાનો વધારો દર્શાવે છે.

ગત વર્ષના સપ્ટેમ્બર 2022માં 45.67 મિલયન ટનની સરખામણીએ કોલ ઈન્ડિયા લિમિટેડનું ઉત્પાદન આ વર્ષે સપ્ટેમ્બરમાં વધીને 51 મિલિયન ટનથી વધુ થયું છે. વધુમાં, કોલસો મોકલવાની કામગીરીમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે, જે સપ્ટેમ્બરમાં નોંધાયેલા 61.10 મિલિયન ટન ઉત્પાદન સામે 70.33 મિલિયન ટન સુધી પહોંચ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . .

પુલ- હર્ષ -(નવીન)

# PM-SVANIDHI

પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાએ સમગ્ર દેશમાં 50 લાખથી વધુ શેરી વિક્રેતાઓને તેનો લાભ આપીને એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. શહેરી રહેવાસીઓને આવશ્યક ચીજવસ્તુઓ પ્રદાન કરવાની સાથે શહેરી અનૌપચારિક અર્થતંત્રમાં શેરી વિક્રેતાઓએ લાંબા સમયથી અભિન્ન ભૂમિકા ભજવી છે.

આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના નેજા હેઠળની આ યોજનાએ તેમને ઔપચારિક આર્થિક સ્તરમાં લાવવા માટે મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો છે. આ વર્ષે 1લી જુલાઈથી મંત્રાલય દ્વારા આ યોજના હેઠળ પ્રાપ્ત કરવાના લક્ષ્યોને સુધારીને એક અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું જે દરમિયાન ઉચ્ચ સ્તરીય સમીક્ષાઓ હાથ ધરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે , PM સ્વનિધિ યોજના 1લી જૂન 2020 ના રોજ શરૂ કરવામાં આવી હતી, જે શહેરી શેરી વિક્રેતાઓ માટે એક માઇક્રો-ક્રેડિટ યોજના છે જેનો ઉદ્દેશ્ય 50 હજાર રૂપિયા સુધીની કોલેટરલ-મુક્ત કાર્યકારી મૂડી અનુદાન પ્રદાન કરવાનો છે.

. . . . . . . . . . . . . . . . . .

પુલ- હર્ષ -(નવીન)

# FINAL-PM-TELANGANA

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ  ગઇકાલે તેલંગાણામાં નિઝામાબાદથી આઠ હજાર કરોડ રૂપિયાના વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમોનું લોકાર્પણ  અને શિલાન્યાસ કર્યા છે.

તેમણે  મનોહરાબાદ અને સિદ્ધિપેટને જોડતી નવી રેલવે લાઇન અને ધર્માબાદ-મનોહરાબાદ અને મહબૂબનગર-કુર્નૂલ વચ્ચેના વિદ્યુતીકરણ પ્રોજેક્ટ સહિતની રેલ યોજનાઓ રાષ્ટ્રને સમર્પિત કરી. પ્રધાનમંત્રીએ રામાગુંડમ ખાતે NTPCના તેલંગણા સુપર થર્મલ પાવર પ્રોજેક્ટના પ્રથમ તબક્કાના 800 મેગાવોટ યુનિટને પણ રાષ્ટ્રને સમર્પિત કર્યું. આ ઉપરાંત તેમણે 20 જિલ્લા મુખ્યાલયોમાં ‘પ્રધાનમંત્રી આયુષ્માન ભારત સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન ’ હેઠળ 50 પથારીના ક્રિટિકલ કેર બ્લોક્સનો પણ શિલાન્યાસ કર્યો હતો.

આ પ્રસંગે ઉદબોધન કરતાં શ્રી મોદીએ કહ્યું , પેડાપલ્લી ખાતેનો નવો પાવર પ્લાન્ટ દેશનો સૌથી આધુનિક પ્લાન્ટ છે અને ટૂંક સમયમાં બીજા તબક્કામાં બીજો પાવર પ્લાન્ટ સ્થપાશે.

. . . . . . . . . . . . . . . .

રીપીટ

# REV. CHHATTISGARH-PM PROJECTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ છત્તીસગઢના બસ્તર ખાતે 26 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસ કામોનો શિલાન્યાસ કર્યો છે. તેમણે નાગરનાર ખાતેના એનએમડીસીના ગ્રીનફીલ્ડ સ્ટીલ પ્લાન્ટને દેશને સમર્પિત કર્યો હતો.

જગદાલપુર ખાતે પ્રધાનમંત્રીએ જગદા લપુર રેલવેસ્ટેશનના આધુનિકીકરણનું ભૂમિપૂજન કર્યું હતું. તથા અંતગઢથી તારોકી વચ્ચેના નવા રેલવેમાર્ગનું ઉદઘાટન કર્યું હતું. તેમણે જગદાલપુરથી દાંતેવાડા વચ્ચેના રેલમાર્ગને દ્વીમાર્ગી કરવાના પ્રોજેક્ટનું પણ લોકાર્પણ કર્યું તથા તારોકી અને રાયપુર વચ્ચેની ટ્રેનને લીલી ઝંડી દર્શાવી પ્રસ્થાન કરાવ્યુ હતું.

પ્રધાનમંત્રીએ કુંકુરી અને છત્તીસગઢથી ઝારખંડ વચ્ચેના નવનિર્મિત રાષ્ટ્રીય ધોરીમાર્ગનું પણ લોકાર્પણ કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . .

રીપીટ

# WORLD BANK INDIA

વિશ્વ બેંકે નાણાંકીય વર્ષ 2023-24 માટે ભારતનો સંભવિત આર્થિક વિકાસ દર 6.3 જાળવી રાખવાનો નિર્ણય લીધો છે. બાહ્ય પડકારો હોવા છતાં ભારતે મજબૂત આર્થિક વિકાસ દર્શાવ્યો છે. તેને ધ્યાનમાં લઇને દેશનો આર્થિક વિકાસદર 6.3 રહેવાનો આગાહી યથાવત રખાઇ છે.

ઉલ્લેખનીય છે કે , વિશ્વ બેંકે ભારતનો સંભવિત આર્થિક વિકાસદર 6.6 ટકા રહેવાની ધારણા વ્યકત કરી હતી. ત્યારબાદ ગત એપ્રિલ મહિનામાં વિશ્વ બેંકે વિકાસદરની સંભાવના ઘટાડીને 6.3 ટકા કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . .

પુલ- રૂપલ -(નવીન)

# CLEANLINESS DRIVE

કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય અનુસાર આ મહિનાની 1લી તારીખે "એક તારીખ એક ઘંટા એક સાથ" પહેલના ભાગ રૂપે મેગા સ્વચ્છતા અભિયાન દરમિયાન લગભગ 8.75 કરોડ લોકોએ દેશભરમાં 9 લાખથી વધુ સ્થળોએ ભાગ લઈને શ્રમદાન આપ્યું છે.

મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે લોકોની આ સામૂહિક કાર્યવાહી ચોક્કસપણે તમામ સ્થળોએ દેખીતી સ્વચ્છતામાં પરિણમી છે.

શેરીઓ, રાજમાર્ગો અને ટોલ પ્લાઝા , રેલ્વે ટ્રેક , આરોગ્ય સંસ્થાઓ , આંગણવાડી કેન્દ્રો, પ્રવાસન સ્થળો, રહેણાંક વસાહતો, જળાશયો અને પૂજા સ્થાનો પર સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . .

પુલ- હર્ષ -(નવીન)

# REV.-EVE-ASIAN-GAMES

ચીનમાં રમાઈ રહેલી એશિયન ગેમ્સમાં ભારતે અત્યાર સુધી 15 સુવર્ણ, 26 રજત, અને 28 કાંસ્ય ચંદ્રક મળીને કુલ 69 મેડલ જીતી લીધા છે. ભારતની અન્નુ રાણીએ ભાલાફેંકમાં સુવર્ણ ચંદ્રક જીતી લીધો છે. તેમણે ચોથા પ્રયત્નમાં 62.92 મીટર નો થ્રો કર્યો હતો. પુરુષોની ડેકાથલોનમાં તેજસ્વિન શંકરે રજત ચંદ્રક મેળવ્યો છે. ભારતના નરેન્દ્ર બેરવાલનો પુરુષોની 92 કિલો વજન જૂથની બોક્સિંગની સેમીફાઇનલમાં પરાજય થતાં તેમને કાંસ્ય ચંદ્રક મળ્યો છે.

પુરુષોની 800 મીટર દોડમાં મોહમ્મદ અફસલે રજતચંદ્રક જીત્યો. જ્યારે મહિલાઓની 400 મીટર હર્ડલ્સમાં , વિથ્યા રામરાજે અને પુરુષોની ટ્રિપલ જમ્પમાં ભારતના પ્રવીણ ચિત્રવેલે કાંસ્ય ચંદ્રક જીત્યા. મહિલાઓની 54 કિલો ગ્રામની બોક્સિંગ સેમિફાઇનલમાં, પ્રીતિ પવારે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.. 75 કિગ્રા કેટેગરીમાં, બોક્સર લવલિના બોર્ગોહાઇન ફાઇનલમાં પ્રવેશી છે. પુરુષોની નૌકાની ડબલ 1000 મીટરની સ્પર્ધામાં ભારતના અર્જુન સિંહ અને સુનિલ સિંહ સલામે બ્રોન્ઝ મેડલ જીત્યો છે. હિરોશિમામાં 1994 એશિયન ગેમ્સ પછી એશિયન ગેમ્સના ઇતિહાસમાં ભારતનો આ બીજો નૌકા મેડલ છે.

મિશ્ર ડબલ્સ સ્ક્વોશ સ્પર્ધામાં , બે ભારતીય જોડી અનાહત સિંહ અને અભય સિંહેએ ગઇકાલે સેમિફાઈનલમાં દક્ષિણ કોરિયાને હરાવ્યું. તો પુરુષ સિંગલ્સમાં સૌરવ ઘોસાલે જાપાનના સુકુને 3-0થી હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. તીરંદાજી સેમિફાઇનલમાં , અભિષેક વર્મા અને ઓજસ પ્રાવીણે તેમજ મહિલાઓમાં જ્યોતિ સુરેખા વેન્નમે ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તમામ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . .રીપીટ

# PM- TRACK- BOXING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એશિયન ગેમ્સમાં મહિલાઓની 5000 મીટર સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતવા બદલ ટ્રેક અને ફિલ્ડ એથ્લેટ પારુલ ચૌધરીને અભિનંદન પાઠવ્યા છે. ઉપરાંત મહિલા ભલા ફેંક સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીતવા બદલ અન્નુ રાનીને પણ અભિનંદન પાઠવ્યા હતા.

પ્રધાનમંત્રીએ તેજસ્વિન શંકરને એશિયન ગેમ્સમાં પુરુષોની ડેકેથલોન ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીતવા બદલ તથા બોક્સિંગમાં બ્રોન્ઝ મેડલ જીતવા બદલ પ્રીતિ પવાર અને નરેન્દ્ર બરવાલને પણ અભિનંદન પાઠવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . .

પુલ- હર્ષ -(નવીન)

# TELANGANA-ECI REVIEW

ભારતના ચૂંટણી પંચ (ECI) ચૂંટણી તૈયારીઓની સમીક્ષાના ભાગરૂપે આજે તેલંગણામાં જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને પોલીસ અધિક્ષકો તેમજ તેલંગાણાના તમામ 33 જિલ્લાના પોલીસ કમિશનરો સાથે બેઠક કરશે.

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારની આગેવાની હેઠળની ઉચ્ચ સ્તરીય ટીમે ગઈકાલે સાંજે હૈદરાબાદમાં અમલીકરણ એજન્સીઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. પોલીસ અને મહેસૂલ વિભાગ સહિત 20થી વધુ એજન્સીઓએ ચૂંટણીની તૈયારીઓ અંગે ચૂંટણી પંચ સમક્ષ રજૂઆતો કરી હતી.

ચૂંટણી પંચે ગઈકાલે લગભગ 10 રાષ્ટ્રીય અને રાજ્ય રાજકીય પક્ષો સાથે બેઠક કરીને ચૂંટણીના સંચાલન અંગે પક્ષકારોના અભિપ્રાય અને સૂચનો લીધા છે. રાજકીય પક્ષોના પ્રતિનિધિમંડળોએ ત્રુટિ રહિત મતદાર યાદીઓ , ચૂંટણી ખર્ચ સહિત અન્ય બાબતોને લગતી તેમની ચિંતાઓ વ્યક્ત કરી હતી.

આવતીકાલે ચૂંટણીની તૈયારીઓ અંગે ચર્ચા કરવા ECI ટીમ મુખ્ય સચિવ શાંતિકુમારી અને પોલીસ મહાનિર્દેશક અંજનીકુમાર સાથે નિર્ણાયક બેઠક કરશે.

. . . . . . . . . . . . . . . . . . .

પુલ- હર્ષ -(નવીન)

# MORN. HOME MINISTRY- NLFT ATTF

કેન્દ્ર સરકારે નેશનલ લિબરેશન ફ્રન્ટ ઓફ ત્રિપુરા ( NLFT), ઓલ ત્રિપુરા ટાઈગર ફોર્સ (ATTF) અને તેમના જૂથોને ગેરકાનૂની પ્રવૃત્તિઓ (અટકાયત) વિધેયક હેઠળ ગેરકાયદેસર સંગઠનો તરીકે જાહેર કર્યા છે. ગૃહ મંત્રાલયે આ સંગઠનો પર પાંચ વર્ષ માટે પ્રતિબંધ મૂક્યો છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે , સરકારનો અભિપ્રાય છે કે NLFT અને ATTFની પ્રવૃત્તિઓ ભારતના સાર્વભૌમત્વ અને અખંડિતતા માટે હાનિકારક છે અને તે ગેરકાનૂની સંગઠનો છે. મંત્રાલયે જણાવ્યું હતું કે , આ જૂથો વિધ્વંસક અને હિંસક પ્રવૃત્તિઓમાં સામેલ છે , જેનાથી સરકારની સત્તાને નબળી પાડે છે અને તેમના ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરવા માટે લોકોમાં આતંક અને હિંસા ફેલાવે છે. મંત્રાલયે ઉમેર્યું હતું કે જો આ સંગઠનો પર તાત્કાલિક અંકુશ અને નિયંત્રણ નહીં આવે , તો તેઓ તેમની અલગતાવાદી, વિધ્વંસક અને હિંસક પ્રવૃત્તિઓને વધારવા માટે તેમના કાર્યકરોને એકત્ર કરશે તથા તેઓ ભારતની રાષ્ટ્રીય અખંડિતતા અને સાર્વભૌમત્વ વિરોધી દળો સાથે મળીને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓનો પ્રચાર કરશે.

. . . . . . . . . . . . . . . . . . .

પુલ-હર્ષ, નવીન